## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

પૈસા, પદ અને સત્તા પાછળ ખેંચાય છે,
પક્ષ, મૂલ્યો, સિદ્ધાંતોની સૂડીમાં ખેંચાય છે.
કપાય છે નાક મતદારોનું વિશ્વાસ-ભંગે,
ઢોર બજારની જેમ સદસ્યો વેંચાય છે.

### હાઈકુ

રહી કયાં હવે -
મૂળ ગાંધી કોંગ્રેસ!
સૌ સત્તા - સ્વાર્થી...
(- હવે તો ભાંગી નાખો!)

વ્યાજ ઘટાડો,
છે બેન્કે બેઈમાની -
લૂંટે ગ્રાહક...
(માલ્યાની રીકવરી
અમારી પાસેથી)

### ચિંતન

દ્વયોર પીષ્યેતોર્દ્વૈધીભાવં કુર્વીત ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

તમારી ઈર્ષા કરનાર બે શત્રુઓમાં દ્વેષભાવ જન્માવવો જોઈએ.

રાજાએ પોતાના રાજ્યૈશ્વર્યની ઈર્ષા કરનારા, એને પચાવી પાડવાની મલિન ઈચ્છા ધરાવતા ખંડિયા રાજાઓ અથવા બે શત્રુઓ વચ્ચે પોતાની મહત્ત્વાકાંક્ષા ને કચડી નાખી. એમના અસ્તિત્વને નષ્ટ કરી નાખવું જોઈએ. કોઈ પણ રાજા કે શાસકનું આ પરમ કર્તવ્ય છે. તેમાં જો તે ગાલેફ રહે તો ખુદ એનું જ અસ્તિત્વ જોખમમાં પડે.

આજના રાજકારણમાં પણ નેતાઓ અને રાજકર્તાઓ પૂર્વ સત્તાધીશની જૂની ફાઈલો - કૌભાંડો - કેસોને ફરી જીવંત કરી પોતાના તપાસનીશ પાસેથી તપાસ કરાવી ગુન્હેગાર ઠેરવી જેલમાં પૂરી નાખે છે. ચાણક્યનીતિ આજે પણ કેટલું બધું મહત્વ રાખે છે તે સમજી શકાય છે.

### સુવિચાર

- અવસર નથી હોતો નાનો કે મોટો, એનો ઉપયોગ કરી લેવાની મનુષ્યની તાકાત જ એને નાનો-મોટો બનાવે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- દંભનો પડદો ચિરાય છે અને અંતે દંભ તથા દંભી બંનેનું પતન થાય છે, દાનવો હોય કે માનવ, સુર હોય કે અપ્સરા,, ગર્વની પાંખે ઉડનારા સૌ કોઈએ પટકાવું પડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કમજોર મન અને કમજોર તન હોય ત્યાં ગંતવ્યે કદી પહોંચી શકાય ખરું? અને છતાંય મોટાભાગના લોકો દોષ દે છે જીવન-સાગરને - **ખલીલ ધનતેજવી**
- ચિંતાથી મુક્ત બનવું હોય તો, ચિત્તને ક્ષુદ્ર વાસનાઓ ભણી ગતિ કરતાં રોકવું જોઈએ, ચિંતા ત્યજે, તે સુખને ભજે - **સુરેશ દલાલ**
- દુનિયામાં બે પ્રકારના માણસો જોવા મળે છે : શબ્દની લિજ્જતનો લાભ લેનારા, અને શબ્દની ઈજ્જત માટે મરી ફીટનારા - **મૃગેશ વૈષ્ણવ**
- આજનું ઔષધ : સંચળ, સૂવા અને અજમો સરખા ભાગે લઈ જમ્યા પછી એક ચપટી જેટલું મુખવાસની જેમ ખાવાથી ગેસ થતો નથી. **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

લોકમાન્ય તિલક અને દાદાભાઈ નવરોજી લંડનમાં ભાડાના મકાનમાં રૂમ પાર્ટનરની જેમ રહેતા હતા.

દાદાભાઈ ભારે શ્વાશ્રયી હતા. વહેલી સવારે ઊઠીને ઘર સાફલ કરે, પાણી ભરે, બુટપોલીસ કરે, ચા બનાવે. તિલક મહારાજને આ વાતની જાણ ન હતી. એમને એમ હતું કે દાદાભાઈએ કોઈ નોકર રાખ્યો હશે જે સવારે એમના ઉઠતાં પહેલાં આવીને આવું બધું કામ કરી જાય છે.

પરંતુ એક વખત તિલક મહારાજ વહેલા જાગી ગયા. અને જોયું તો દાદાભાઈ ઝાડુ વાળે, તિલક ઉઠીને નવરોજી પાસે પહોંચી ગયા અને બોલ્યા : 'અરે, તમે શું કામ ઝાડું વાળો છો, હમણાં નોકર આવીને બધું પતાવી દેશે.' દાદાભાઈએ કહ્યું, 'અરે આવા કામ માટે તો કંઈ નોકર રખાતા હશે... હું તો પહેલા દિવસથી જ જાતે જ આવું કામ કરી નાખું છું, આ મારા બે હાથ જેવો સરસ નોકર જગતમાં બીજું કોઈ નથી. એ કદી પગાર પણ માગતો નથી, તે કદી રજા પણ પાડતો નથી, ચોવીસ કલાક આપણી સેવામાં હાજર રહે છે.' તિલક મહારાજે દાદાભાઈની વાત સાંભળીને ક્ષોભ પામી ગયા અને એ પળથી સ્વાશ્રયી બનવાનો નિર્ણય લીધો.

# રિસોર્ટનું રાજકારણ અને આઈટીના દરોડા

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતમાં રાજયસભાની ચૂંટણીઓ એક છેડો દિલ્હીને અડકે છે તો બીજી બેંગલુરુને. વિચિત્ર સંજોગો સરજાયા છે અને સવિશેષ કોંગ્રેસ એના અસ્તિત્વની લડાઈ લડી રહી છે તો સામે પક્ષે ભાજપના ખેરખાંઓ માટે પણ આટલા ઉધામા પછી એમના આયાતી ત્રીજા ઉમેદવારને જિતાડવો એ નાકનો સવાલ બની રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીએ જાણી જોઈને અનૈતિક ઉપરાંત ગજા બહારનું દુ:સાહસ કર્યું જ ગણાશે, કારણ કે જો મૂલ્યનિષ્ઠ રાજનીતિ મુજબ જ આગળ વધવું હોય તો એણે ત્રીજા ઉમેદવાર ઊભો કરવો જ નહોતો જોઈતો. વિધાનસભાના સંખ્યાબળની રૂએ કોંગ્રેસના એક સભ્યને પહેલી પસંદગીના મતોથી જ જીતી શખવાની અનુકૂળતા હતી અને હજી પણ છે. આવા સંજોગોમાં યેનકેન પ્રકારેણ પોતાની ઈજ્જતનો સવાલ બનાવી ભાજપના નેતાઓ કોંગ્રેસ છોડીને એમના ઉમેદવાર બનેલા બળવંતસિંહ રાજપૂતને જિતાડવા આકાશપાતાળ એક કરી રહ્યા છે તે શું સૂચવે છે? કોંગ્રેસમાંથી અસંતુષ્ટોનાં ધડાધડ રાજીનામાં પડવા માંડ્યા તે પછી સફાળી ઊંઘમાંથી જાગેલી કોંગ્રેસે ઉતાવળે પોતાનું ઘર સાચવી લેવા માટેના પગલા તરીકે ચાળીસથી વધુ ધારાસભ્યોને બેંગ્લુરુના સલામત રિસોર્ટમાં ખસેડી દીધા છે. કહેવાય છે કે એ ધારાસભ્યો પાસેથી એમના મોબાઈલ ફોન પણ લઈ લેવાયા છે, જેથી તેઓ એમને 'દુષ્પ્રેરણા' આપતા ગાંધીનગર કે દિલ્હી સ્થિત નેતાઓનો સંપર્ક જ ન સાધી શકે. આ પ્રકારનું જોહુકમીવાળું રાજકારણ ચલાવીને પોતાની સીટ બચાવવાનું કૃત્ય પણ વખોડવાપાત્ર જ ગણાય; પરંતુ એટલું જ વખોડવાપાત્ર કૃત્ય શાસક પક્ષ દ્વારા રિસોર્ટના માલિક અને પરિવાર પર અણધાર્યા આઈટીના દરોડા પડાવવાનું પણ ગણાશે. નાણામંત્રી જેટલી ભલે આઈટીના દરોડાઓ સાથે પાર્ટી કે સરકારને કશી નિસબત નહીં હોવાનું નિવેદન કરતા ફરે, પરંતુ રિસોર્ટમાં ગુજરાતના કોંગ્રેસી ધારાસભ્યોને આશ્રય અપાયો છે તે જ સમયે કર્ણાટકના કોંગ્રેસી મંત્રી અને એમના પરિવારની માલિકીની જગ્યાઓ ધમરોળવા આઈટીના ડાઘિયા છોડી મૂકયાનો અર્થ પ્રજા તો બરાબર સમજે છે. આ પ્રકારની નકારાત્મક રાજનીતિને કારણે શાસક પક્ષ એના વરિષ્ઠ નેતાઓની ઈમેજને ચોક્કસ ઉઝરડા પડવાના છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગે દ્વારા લોકસભામાં અને અન્ય નેતાઓ દ્વારા રાજયસભામાં આ મુદ્દે કરાયેલ ઊહાપોહ વાજબી જ ઠરે છે. દેશનું રાજકારણ આટલી હદે કયારેક નીચે નહોતું ઊતરેલું, એની રાષ્ટ્રીય નેતાઓને ખબર હોવી જોઈએ. રાજકીય નિરીક્ષકો માટે અહમદ પટેલની હાર કે જીત અગત્યની નથી, પરંતુ લોકશાહીના ધજાગરા ઊડી રહ્યા છે તે ખૂબ જ ચિંતાજનક બાબત છે. આઈટી અને સીબીઆઈનો દુરુપયોગ અલબત્ત કોંગ્રેસી શાસન દરમિયાન પણ થયેલો છે, પરંતુ ભાજપ તો પોતાને 'પાર્ટી વિથ ડિફરંસ' તરીકે ઓળખાવતું રહ્યું છે. અંગત જીવનમાં અણીશુદ્ધ રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનકાળમાં બની રહેલી આ ઘટના ઈતિહાસમાં ભ્રષ્ટ રાજનીતિના વરવા ઉદાહરણ તરીકે ઓળખાશે એમાં શંકાને સ્થાન નથી.

# હજાર નામ હરના!

## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

આમ તો 'સહસ્ત્રનામ' સ્તુતિનો જ એક પ્રકાર છે. જેમ કે, 'વિષ્ણુસહસ્ત્રનામ.' આની જેમ 'શિવસહસ્ત્રનામ' પણ છે - શિવના હજાર નામો.



આમાંથી કેટલાંક વિશિષ્ટ છે - તે અહીં આપ્યા છે.

(૧) અર્થિગમ્ય - કોઈ (શ્રદ્ધાપૂર્વક યાચના કરે, તો સહેલાઈથી એની પાસે પહોંચી જાય છે.

(૨) અષ્ટમૂર્તિ - પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર અને પુરોહિત - આ આઠ સ્વરુપો શિવના છે.

(૩) પિનાકિન - એનાં ધનુષ્યનું નામ 'પિનાક' છે.

(૪) ભગવાન - એ યશસ્વી, પ્રસિદ્ધ, સન્માનિત, શ્રદ્ધેય, દિવ્ય અને પવિત્ર છે.

(૫) પ્રિયભક્ત - ભક્તોને શિવ પ્રિય છે. શિવને ભક્તો પ્રિય છે.

(૬) વિશ્વદિપ્તી - સમગ્ર વિશ્વ થકી શિવ થકી ઉજ્જવળ છે.

(૭) કવિ - એ સર્વજ્ઞ, પ્રતિભાશીલ, ચતુર, બુદ્ધિશાળી, વિચારશીલ, પ્રશંસનીય અને કાવ્યકાર છે.

(૮) કામદેવ - શ્રદ્ધાવાળા ભક્તની મનોભાવના પૂરી કરે, એવા દેવ છે.

(૯) જગદીશ - એ સમગ્ર જગતના સ્વામી છે.

(૧૦) સાધુસાધ્ય - સજ્જનો એને આસાનીથી મેળવી શકે છે.

(૧૧) વર્ણાશ્રમગુરુ - બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર તેમજ બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસી - સૌ કોઈના ગુરુ છે; જીવનમાંથી અંધકાર દૂર કરે છે.

(૧૨) કલ્યાણ પ્રકૃતિ - એનો સ્વભાવ જ એવો છે - સૌ કોઈનું કલ્યાણ છે.

(૧૩) તપસ્વી - એ તેજસ્વી, સ્ફૂર્તિવાળા, મજબૂત, શક્તિશાળી, સાહસી અને ઝડપી ગતિવાળા છે.

(૧૪) કાન્ત - એ ઈષ્ટ, પ્રિય, સુખદાતા, મનોહર અને સુંદર છે.

(૧૫) સર્વદયા - એ સૌ કોઈને માટે દયાળું છે.

(૧૬) ભોજન - ભોજન પોતે જ શિવનું સ્વરુપ છે. એની કૃપાથી મળેલું છે.

(૧૭) નૃત્યપ્રિય - નૃત્ય વગેરે કલાઓ એને પ્રિય છે.

(૧૮) હર - એ સૌ કોઈના દુ:ખ હરી લે, એવા છે.

(૧૯) કર્તા - જે કાંઈ પણ થાય છે, એના કર્યા શિવ છે, એટલે 'હું કરું છું.' એવું કાંઈ અભિમાન રાખવું નહિ.

(૨૦) ચિદાનંદ - એ ચૈતન્ય સ્વરુપ અને આનંદ સ્વરુપ છે.

(૨૧) લલાટાક્ષ - એના કપાળમાં નેત્ર છે. જયાં કોઈની પણ નજર ન પહોંચે, ત્યાં એની પહોંચે છે.

(૨૨) વિદ્વત્તમ - એ સૌથી મોટા વિદ્વાન છે. અર્થાત કોઈએ 'હું જ માત્ર વિદ્વાન છું.' એવું અભિમાન ન રાખવું.

(૨૩) ભૂર્ભૂવો લક્ષ્મી - એ ત્રણેય લોકનું સૌભાગ્ય, શોભા અને સૌંદર્ય છે.

(૨૪) જન્મમૃત્યુજરાતિગ - એ જન્મ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુથી પર છે. એમને આ અવસ્થાઓ નથી.

(૨૫) વિશ્વવાસ - સમગ્ર વિશ્વ એનું આવાસ છે, રહેઠાણ છે.

(૨૬) કલ્યાણ ગુણનામ - એના સદ્ગુણોનું અને એનાં નામનું સ્મરણ માત્ર હોય છે.

(૨૭) જગદ્હિતૈષી - સમગ્ર જગતનું હિત કરવાની ઈચ્છા એને કાયમ માટે હોય છે.

(૨૮) સર્વસત્ત્વાવલંબન - સૌ કોઈને માટે આલંબન રુપ છે, આધારરુપ છે.

ભગવાન શિવનાં આ નામો એમની વિશેષતા દર્શાવે છે.

# દેશમાં નાની ઈલાયચીનું સૌથી વધુ ઉત્પાદન કયા રાજયમાં થાય છે?

## ખજાનો

અનિલ પટેલ

### ભારતની ભૂગોળ

(૧) ભારતનું કયું રાજય સોયા પ્રદેશ તરીકે ઓળખાય છે ?
(અ) બિહાર (બ) ઉત્તરપ્રદેશ
(ક) મહારાષ્ટ્ર (ડ) મધ્યપ્રદેશ

(૨) રોહીલા રાષ્ટ્રીય ઉદ્યાન કયાં આવેલ છે?
(અ) હિમાચલ પ્રદેશ (બ) ઉત્તરાખંડ
(ક) છત્તીસગઢ (ડ) હરિયાણા

(૩) ભારતની જમીન સીમાની લંબાઈ કેટલી છે ?
(અ) ૧૨,૨૦૦ (બ) ૧૩,૮૦૦
(ક) ૧૪,૬૦૦ (ડ) ૧૫,૨૦૦

(૪) બીબી કા મકબરા કયાં આવેલ છે?
(અ) લખનૌ (બ) આગ્રા
(ક) ઔરંગાબાદ (ડ) કાનપુર

(૫) કયું સ્થળ દક્ષિણ ભારતનું માન્ચેસ્ટર ગણાય છે ?
(અ) પેરામ્બુર (બ) કોઈમ્બતુર
(ક) ચેન્નાઈ (ડ) વિશાખાપટ્ટનમ્

(૬) દેશમાં નાની ઈલાયચીનું સૌથી વધુ ઉત્પાદન કયા રાજયમાં થાય છે?
(અ) આંધ્રપ્રદેશ (બ) કેરાલા
(ક) તમિલનાડુ (ડ) કર્ણાટક

(૭) કિશનગંગા નદી કયા રાજયમાંથી વહે છે ?
(અ) ઉત્તરાખંડ (બ) બિહાર
(ક) પંજાબ (ડ) જમ્મુ-કાશ્મીર

(૮) વાસ્કો - ડી - ગામા બંદર કયા રાજયમાં આવેલ છે ?
(અ) ગુજરાત (બ) મહારાષ્ટ્ર
(ક) ગોવા (ડ) કર્ણાટક

(૯) કયા ભારતીય દ્વીપ પર સક્રિય જવાળામુખી આપેલ છે?
(અ) વેલિંગ્ટન ટાપુ (બ) બેરન ટાપુ
(ક) લક્ષદ્વીપ (ડ) દીપ

(૧૦) મયુરાક્ષી નહેર કયા રાજયમાં આવેલ છે ?
(અ) પં. બંગાળ (બ) અસમ
(ક) બિહાર (ડ) આંધ્રપ્રદેશ

(૧૧) ડોલોમાઈટનું સૌથી વધુ ઉત્પાદન કયા રાજયમાં થાય છે ?
(અ) રાજસ્થાન (બ) ગુજરાત
(ક) મધ્યપ્રદેશ (ડ) કર્ણાટક

(૧૨) ફૂલોની ઘાટી 'ચમોલી' કયા રાજયમાં છે?
(અ) જમ્મુ-કશ્મીર (બ) ઉત્તરાખંડ
(ક) તમિલનાડુ (ડ) કેરાલા

(૧૩) ગોંડવાના કોલસા ક્ષેત્ર કયા રાજયમાં આવેલ છે?
(અ) બિહાર (બ) ઝારખંડ
(ક) છત્તીસગઢ (ડ) મધ્યપ્રદેશ

(૧૪) કૈગા પરમાણુ ઉર્જા ઉત્પાદન કેન્દ્ર કયા રાજયમાં આવેલું છે ?
(અ) કર્ણાટક (બ) ગોવા
(ક) મહારાષ્ટ્ર (ડ) મધ્યપ્રદેશ

(૧૫) ભારતના કયા રાજયમાં સૌથી વધુ ચંદનનાં વૃક્ષો છે ?
(અ) આંધ્ર (બ) તમિલનાડુ
(ક) કર્ણાટક (ડ) કેરલા

### વિવિધા

**વિષય : વિશ્વના મહાનુભાવોના જન્મ દિવસ**

- **૪ ઓગસ્ટ ૧૮૪૫ : સર ફિરોઝ શાહ :** મુંબઈમાં ગર્ભશ્રીમંત પરિવારમાં જન્મ થયો. બેરિસ્ટર બન્યા પછી મુંબઈ હાઈકોર્ટમાં અંગ્રેજ વકીલોની ઈજારાશાહી વચ્ચે વકીલાત કરતા પારસી ટીચર્સ ઓફ સાયન્સનો કેસ જીતીને સફળતાનાં સોપાનો સર કર્યા. ૧૯૧૫માં નિધન થયું.
- **૪ ઓગસ્ટ ૧૮૮૦ : દત્તોપંત વામન પાતેદાર :** મહારાષ્ટ્રના ભીષ્માચાર્ય 'દાદા સાહેબ' મરાઠી ભાષાના સાચા રખેવાળ હતા. પાતેદારનો અર્થ 'ખજાનાના રક્ષક' પણ તેઓ જ્ઞાન એટલે કે સરસ્વતીના ખજાનાના રક્ષક હતા. આજીવન શિક્ષક એવા દત્તોપંત જીને 'પદ્મભૂષણ' થી નવાજવામાં આવ્યા હતા. ૧૯૭૯માં નિધન થયું.
- **૭ ઓગસ્ટ ૧૯૨૫ : એમ. એસ. સ્વામીનાથન :** ભારતના જાણીતા કૃષિ વૈજ્ઞાનિક. ઊંચી ઉત્પાદકતા ધરાવતા. ઘઉં અને ચોખાની જાતોનો ઉપયોગ કહી ઉત્પાદન વિક્રમજનક સપાટીએ પહોંચાડનાર.
- **૮ ઓગસ્ટ ૧૯૦૮ : સિદ્ધેશ્વરી દેવી :** કાશી નગરીમાં જન્મ. સિયાજી મહારાજ પાસે સંગીતની તાલીમ લીધી. ગાયન અને અભિનય કલાનો સુભગ સમન્વય. 'પદ્મ શ્રી' એવોર્ડ સન્માનિત સિદ્ધેશ્વરી દેવીનું ૧૯૭૭માં નિધન થયું.
- **૯ ઓગસ્ટ ૧૯૧૫ : હિતેન્દ્ર દેસાઈ :** આઝાદીની લડતમાં સક્રીય. ભારત છોડો આંદોલનમાં જેલ ગયા. ગુજરાતના ત્રીજા મુખ્યમંત્રી ૧૯૬૫ થી ૧૯૭૧ દરમિયાન મુખ્યમંત્રી બન્યા.
- **૧૦ ઓગસ્ટ ૧૮૯૪ : વરાહગીરી વેકન્ટગીરી :** ઓરિસ્સામાં જન્મ થયો. ભારતના ચોથા રાષ્ટ્રપતિ. મજૂર નેતા તથા સ્વાતંત્ર્ય સેનાની, સલાહકારની ચળવળમાં જેલ ગયા. 'ભારત રત્ન' એવોર્ડ સન્માનિત એવા વેન્કટગીરીનું ૧૯૮૦માં નિધન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**અરવિંદ કેજરીવાલ સામે કયા કેન્દ્રીય મંત્રીએ માનહાનિનો કેસ કરેલ છે?**

**જવાબ : અરુણ જેટલી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) હાર્દિક ભટ્ટ : સે-૨૪
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૫) પંકજ. આર. પ્રજાપતિ : ઉવારસદ
(૬) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કર્ણાટકના કયા મંત્રીના ત્યાં તાજેતરમાં આવક વિભાગના દરોડા પાડવામાં આવ્યા?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

### સાચા જવાબો

(૧) ડ (૨) અ (૩) ડ (૪) ક (૫) બ (૬) બ (૭) ડ (૮) ક (૯) બ (૧૦) અ (૧૧) ક (૧૨) બ (૧૩) ડ (૧૪) અ (૧૫) ક

# સ્વાઈન ફ્લુના ભણકારા...

## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

અરે કરશનભાઈ સાંભળ્યું. બાજુવાળા ચંપાબેનને અમદાવાદની હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. કરશનભાઈએ કહ્યું, જાવ ભાઈ... જાવ... હજુ પરમદિવસે તો મેં એમની સાથે વાતો કરી છે. તેમને નખમાં પણ રોગ નહતો. અચાનક શું થઈ ગયું ? ગપ્પા મારવાનું બંધ કરો. આવી અફવાઓ ફેલાવો નહીં. તમારા જેવા માણસો જ આખા સમાજનું વાતાવરણ બગાડતા હોય છે. કરશનભાઈએ કહ્યું મનીષાબેન તમારી વાત સાચી છે. આજકાલ આવુ જ જોવા મળે છે. ચારે બાજુ ક્યારે શું થાય એનું કાંઈ નક્કી નથી. સવારે સાંજે માણસ, દોડતો માણસ... સાંજે કદાચ ના પણ હોય એવું પણ થઈ ગયું છે, જેવી ભગવાનની મરજી. કરશનભાઈએ મનીષાબેનને કહ્યું કે ચંપાબેનની વાત તો સાચી જ છે. હોસ્પિટલમાં દાખલ કરાયા એમ નહીં પણ તેમને તો વેન્ટીલેટર પર રાખવા પડ્યા છે. અને ક્યારે શું થશે એની ખબર નથી. ડૉક્ટરે કહ્યું છે કે ચંપાબેન ઓછામાં ઓછા પંદર દિવસ અથવા તો કાંઈ જ નક્કી નહીં. પાછા આવે પણ ખરા, અને ન પણ આવે. રોજનો દસ હજાર ખર્ચો થશે. તમે કહેતા હોય તો સારવાર કરીએ નહીંતર ઘરે લઈ જાવ. બોલો ભાઈ ? પોતાના માણસને બચાવવા માટે માણસ ગમે તેટલા પૈસા ખર્ચે અરે દસ હજાર તો શું ? રોજના ૨૦ હજાર થતા હોય તોય શું. પોતાના માણસને બચાવવો જરૂરી છે. મનીષાબેન પૂછ્યું પણ કરશનભાઈ ચંપાબેનને થયું છે શું ?

પરમદિવસે મેં જ્યારે તેમની સાથે વાત કરી ત્યારે એમણે મને કહ્યું હતું કે શરદી થઈ ગઈ છે, નાક બંધ થઈ ગયું છે, આંખો બળે છે, નાકમાંથી પાણી પડે છે, ગળામાં દુઃખે છે, કંઈ મજા નથી આવતી. ડૉક્ટરને બતાવ્યું. ડૉક્ટરનું કહેવું છે કે, સામાન્ય શરદી છે. બીજું કાંઈ જ નથી, એટલે ચિંતા ન કરો. વરસાદની સિઝનમાં શરદી તો થવાની જ. અત્યારે શરદી, ઉધરસ, તાવની તો સિઝન છે. તમે જુઓને રોજના હું ૩૦૦ દર્દીઓને તપાસું છું. સવારે ૭ વાગ્યે દવાખાનું ચાલુ કરું તો રાતના ૧૧ વાગ્યા સુધી, હું થાકી જાવું છું. એટલા બધા દર્દીઓ આવે છે. રાત્રે ઈમરજન્સી તો જુદી. ન્હાવા - ધોવાનો પણ ટાઈમ મળતો નથી. પણ ડૉક્ટર સાહેબ, તમારે તો આ સિઝન કહેવાય છે.

બારે મહિનાનું તમારે રળી લેવાનું ને ? ના.. ભાઈ...ના... એવું નથી. એવું દેખાય, મહેનત બહુ કરવી પડે, મગજ બહુ જ કસવું પડે, ચોપડીઓ અને ઈન્ટરનેટ જોઈ જોઈને પોતાની જાતને અપડેટ કરીને દર્દીઓને જોવા પડે છે. ગઈકાલની જ વાત લો... મેં એક ચંપાબેન નામના દર્દીને જોયા હતા. બધાની જેમ એમને પણ શરદી, ઉધરસ જેવું જ લાગતું હતું. બધાને જવા દઈએ છીએ તેમ તેમને પણ મેં સાદી દવા આપીને જવા દીધા. પણ અચાનક એમના ઘરેથી રાત્રે ૧.૩૦ કલાકે ઈમરજન્સીમાં મને ફોન આવ્યો કે ચંપાબેનને કંઈક થઈ ગયું છે અને તેઓ બેભાન થઈ ગયા છે, કંઈ બોલતા નથી અને શરીરમાં ભયંકર તાવ છે. મેં જઈને તપાસ કરી. પેશન્ટને તપાસ્યા. પેશન્ટ એટલે કે ચંપાબેન બેભાન જ હતા. મેં ઈમરજન્સીમાં કોઈક સારી જગ્યાએ સારી હોસ્પિટલમાં જ્યાં સારા ડૉક્ટર હોય ત્યાં એમને તાત્કાલિક લઈ જવા મારી સલાહ આપી. અરે સાલુ ચંપાબેનને તો સ્વાઈન ફ્લુ નીકળ્યો. ડૉક્ટર બોલ્યા મને પણ નવાઈ લાગે છે કે એકસરખી તકલીફવાળા દર્દીઓ ઢગલાબંધ આવે છે એમાંથી કોને સ્વાઈન ફ્લુ છે, કોને સાદો ફ્લુ છે એ સમજવું અને નિદાન કરવું એ બહુ અઘરું થઈ ગયું છે. ધારો કે, બધાને સ્વાઈન ફ્લુ માનીને દવા આપીએ એ પણ ખોટું છે.

સ્વાઈન ફ્લુની દવા બધાને આપવાથી શરીરમાં એની આડઅસર થાય અને આ દવા જો વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો જેને સ્વાઈન ફ્લુ હોય તેના ઉપર એ દવાની અસર ઓછી થઈ જાય. અને જો દવા ન આપીએ તો જેને સ્વાઈન ફ્લુ હોય તેની પરિસ્થિતિ ખૂબ ખરાબ થઈ જાય. તેમજ એના ઘરમાં અને આજુબાજુ રહેતા માણસોને પણ જેની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તેને સ્વાઈન ફ્લુ થાય જ. એટલે મને પણ ખબર નથી પડતી કે મારે સ્વાઈન ફ્લુવાળા અને સ્વાઈન ફ્લુ વગરના દર્દીઓને કેવી રીતે જુદા પાડવા. હું દરેક દર્દીને એમ કહું છું કે સાદી શરદી છે. પણ ચક્કર આવે, વધારે પડતો છાતીમાં દુખાવો થાય તો લોહી ટેસ્ટ કરાવો. જેમાં WBC એટલે કે કુલ કાઉન્ટ એટલે કે શ્વેતકણ કોઈ જંતુનો ચેપ લાગ્યો હોય ત્યારે વધારે આવે. એટલે કે જેની નોર્મલ રેન્જ ૪૦૦૦ થી ૧૦,૦૦૦ છે એની જગ્યાએ ૧૦,૦૦૦ કરતાં વધારે આવે. પણ જેને સ્વાઈન ફ્લુ અથવા તો સાદો ફ્લુ હોય તેનું કુલ કાઉન્ટ ૪૦૦૦ થી ૬૦૦૦ની વચ્ચે હોય. (ક્રમશઃ)